# મને કયા આદર્શે કાશીમાં બાંધ્યો?

[ ૩ ]

**જાહેર** પત્રોમાં પોતાના આદર્શ અને પ્રવૃત્તિ વિષે મેં આજ સુધી કશું લખ્યું નથી, છતાં જ્યારે આજે લખવા પ્રેરાઉં છું ત્યારે એનું સામાન્ય કારણ જાણવા વાચક ઇચ્છે તે સ્વાભાવિક છે. 'જૈન' પત્રના પુ. ૪૧, અંક ૪૮ અને ૪૯મા અંકમાં સેવાભાવી વીરચંદ પાનાચંદ શાહનો અને તંત્રી-સ્થાનેથી એમ અનુક્રમે બે લેખો પ્રસિદ્ધ થયા છે. તેથી કાશીની જૈન પ્રવૃત્તિ વિષે કેટલાક વાચકોને જરૂર જિજ્ઞાસા પ્રકટી હોવી જોઈએ; ખાસ કરી જેઓ વિદ્યા અને સંસ્કૃતિના સામાન્ય રસિક હોય તેમ જ જેઓ જૈન સાહિત્ય અને તત્ત્વજ્ઞાનની ખુમારીમાં માનતા હોય, તેઓની એ જિજ્ઞાસા તો કાંઈક સતેજ જ હોવાની. એને અલ્પાંશે સંતોષવી એ એક કારણ અને બીજું એ કે ભલે હું આજ લગી ચૂપ રહ્યો હોઉં છતાં જીવનને કાંઠે બેસી જ્યારે કાશી ને ગંગાનો કાંઠો છોડવાની વિચારણા સેવતો હોઉં ત્યારે તો સેવેલ આદર્શ અને કરેલ પ્રવૃત્તિ વિષે કાંઈક લખી દઉં તો એ પ્રેરક જ નિવડવાનું.

અમદાવાદ અને શાંતિનિકેતનની પૂર્ણ સામગ્રી જ્યારે મારી બંધ કરેલ સાહિત્યપ્રવૃત્તિને ન ઉત્તેજી શકી ત્યારે ખાસ ઊભા થયેલ સંજોગોએ એ જ પ્રવૃત્તિ વાસ્તે મને કાશીમાં ધકેલ્યો. હું આવ્યો તો હતો મર્યાદિત વખત માટે પણ આવ્યા પછી બંધાઈ ગયો. બાંધનાર તત્ત્વ અનેક હતાં અને છે. પણ અહીં તો તેમાંથી એક જ તત્ત્વનો મુખ્યપણે નિર્દેશ કરીશ. સ્વર્ગવાસી ભવ્યાત્મા વિજયધર્મસૂરીશ્વરના દીર્ઘદર્શી આહ્વાનથી વિ. સં. ૧૯૬૦ માં કાશીમાં આવેલો અને તેમની જ છાયામાં અધ્યયન પ્રારંભેલું. કાશીમાં દશકો વીત્યો અને પછી તો લગભગ વીશ વર્ષ જ્યાં ત્યાં રહ્યા પછી પાછો કાશીમાં જ પટકાયો. આ વખતે નહોતું અંગ્રેજી કોઠીનું તેજ, ન હતું યશોવિજય પાઠશાળાનું નામ; પરંતુ એ જ સ્વર્ગવાસીની સાહસિકવૃત્તિના ફળરૂપ ઉક્ત પાઠશાળાને જોઈ જે દિગંબર વિદ્યાલયની સ્થાપના મારી સામે જ થયેલી તેને આ વખતે સ્થિરપદે ચાલતાં અને ઉત્તરોત્તર વિકાસ કરતાં મેં જોઈ. એમાંથી દરસાલ નીકળતા અનેક વિવિધ વિષયના આચાર્યો અને ગ્રેજ્યુએટોને જોયા. બીજી બાજુ શ્રી વિજયધર્મસૂરીશ્વરની મોજુદગીમાં જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે કાશી વિશ્વવિદ્યાલયનાં સ્વપ્ન સેવાઈ રહ્યાં હતાં તે વિશ્વવિદ્યાલયને એના વિશાળ મૂર્ત આકારમાં અહીં આવી મેં માત્ર જોયું જ નહિ પણ તેમાં જ રહી કામ કરવાનું સુદ્ધાં મારે ભાગે આવ્યું. ગમે તેવો પ્રતિકૂળ પ્રસંગ પણ આખરે મને અનુકૂળ ફળદાયક જ નિવડ્યો છે અથવા મેં એવા પ્રસંગને અનુકૂળ તક જ માની એમાંથી કાંઈક માર્ગ શોધવાનો જે જિંદગીમાં અનુભવ કર્યો છે તેમાંની આ એક ઘટના હતી. લગભગ દશવર્ષ પહેલાં જ્યારે અહીં આવ્યો ત્યારે ન હતા જૈન વિદ્યાર્થી કે ન હતા ઇષ્ટ સાથીઓ, પણ કાંઈક ધગશ હતી. એ ધગશે અચાનક છેક જ એક નાના ઝૂંપડામાં પ્રેરણા કરી અને સ્વર્ગવાસી ઉક્ત ભવ્યાત્માના આદર્શને મન સામે તાદૃશ ઉપસ્થિત કર્યો. મેં એ આદર્શને મારી દષ્ટિએ અને મારી શક્તિ પ્રમાણે વિચાર્યો અને તેને કાશીમાં જ કાંઈક મૂર્તરૂપ આપવાનો દૃઢ નિર્ધાર કર્યો. સાધન અને સામગ્રી પહેલાં કરતાં બહુ વધી ગયાં હતાં, પણ હું માત્ર એકાકી હતો. છતાં મને એ આદર્શ એટલો બધો ઉપયોગી અને આકર્ષક લાગ્યો કે તેને જ લીધે નિવૃત્તિ ગાળવા ધારેલ વર્ષો પણ મને રસપ્રદ પ્રવૃત્તિ-વાળાં સિદ્ધ થયાં. આ સ્થળે હું એ પ્રવૃત્તિ અને એનાં પરિણામ વિષે લખવા નથી ઇચ્છતો. કદાચ એ વિષે આગળ લખું, અત્યારે તો હું એ આદર્શ વિષે જ કાંઈક લખવા ધારું છું. અને તે માત્ર સામાજિક તેમ જ માનવીય સંસ્કૃતિના પોષાક એક અંગ તરીકે જ.

વિજયધર્મસૂરિજીનો આદર્શ હતો કે જેમ ત્યાગી વર્ગ શાસ્ત્રીય વિદ્યા ભણે છે તેમ ગૃહસ્થવર્ગે પણ એ વિદ્યાઓનું ગંભીર અને વિશાળ અધ્યયન કરવું એ જૈનસમાજની વધતી જતી આવશ્યકતા અને વર્તમાન સમયની સબળ માગણીની દૃષ્ટિએ અનિવાર્ય રીતે જરૂરી છે. આજે જ્યાં ત્યાં નવાં ઉદ્‌ભવતાં કાર્યક્ષેત્રો અને સંસ્થાનોની વાસ્તવિક માગણીને યથાર્થ રૂપમાં પોતાના પ્રબળ વિદ્વાનો સિવાય સંતોષી શકાય જ નહિ, તેમ જ બોર્ડિંગો, સ્કૂલો, કોલેજો અને યુનિવર્સિટીઓમાં જે સંસ્કૃતિ, સાહિત્ય અને ઇતિહાસના અધ્યયનના માર્ગો દિવસે દિવસે વધારે વધારે ખુલ્લા મુકાતાં જાય છે તેને એવા ગૃહસ્થ વિદ્વાન સિવાય પહોંચી વળી શકાય પણ નહિ. બૌદ્ધ ભિક્ષુક વિદ્વાનોની જેમ જૈન ભિક્ષુક વિદ્વાનો સાર્વજનિક સંસ્થામાં જવાબદારીપૂર્વક કામ લેવાનું સેવાકૃત્ય ન સમજે ત્યાં લગી તો આ કામની પુરવણી એક માત્ર ગૃહસ્થ વિદ્વાન વર્ગદ્વારા જ સંભવી શકે અને બીજી રીતે નહિ. એક વાર જૈન ત્યાગી વર્ગ એવી જાહેર જવાબદારી ઇચ્છાપૂર્વક લેવાની ઉચ્ચ ભૂમિકાએ પહોંચે ત્યારે પણ તે વર્ગને પોતાના અંગત સાથી અને સહાયક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરીકે અસાધારણ એવા ગૃહસ્થ વિદ્વાન વર્ગની ઊલટી વધારે જરૂરિયાત રહેવાની. હું ધારું છું કે આવા જ કોઈ સ્ફુટ કે અસ્ફુટ વિચારે વિજયધર્મ-સૂરીશ્વરને કાશી ભણી ધકેલેલા. તેઓ ઘણીવાર આ વસ્તુ પોતાની ઢબે કહેતા. તેમણે ગૃહસ્થ વિદ્યાર્થી વર્ગ એકત્ર કરવો માંડયો અને કાંઈક કામ પણ ચાલ્યું. એમણે સાથે જ સાથે યશોવિજય ગ્રંથમાળા પણ શરૂ કરાવી અને તે વખતની નવી જ ઢબે સાહિત્યપ્રવૃત્તિ પણ શરૂ કરી, જેનાં સુપરિણામો કોઈ ન જાણે તેમ સમાજમાં પચી ગયાં છે. હું દશ વર્ષ પહેલાં અહીં આવ્યો અને એ જૂની સ્મૃતિઓ તાજી થઈ. એક રીતે વખતના વહેવા સાથે એ આદર્શ અને સ્મૃતિઓ પણ વધારે સ્પષ્ટ તેમ પાકાં હતાં. મને પહેલાં જ લાગ્યું કે દિગંબર સમાજમાં સંકડો વિદ્વાનો હોઈ તેઓ જ્યાં ત્યાં કાર્યક્ષેત્રમાં પહોંચી શકે છે, જ્યારે શ્વેતાંબર અને સ્થાનકવાસી સમાજમાં તો એનો દુષ્કાળ છે અને છતાં ય માગણી ઉચ્ચ પાયા ઉપર વધતી જાય છે. એ સાથે જયારે જૈન સમાજનું ઐતિહાસિક દૃષ્ટિએ નિરીક્ષણ કર્યું ત્યારે તો મને ઉપરનો આદર્શ વિશેષ મૂલ્યવાન, ઉપયોગી અને જરૂરી લાગ્યો. જ્યાં સુધી હું જાણું છું અને પુરાવાઓ મળે છે ત્યાં સુધી એમ માનવાને કારણ છે કે જૈન સમાજમાં વિદ્યાની અને સૂક્ષ્મ વિચારની જે સદાકાળ માટે ઊણપ રહી છે તેનું એક માત્ર કારણ ગૃહસ્થ વર્ગની પ્રાથમિક ભૂમિકાની પૂરી તૈયારીનો અભાવ એ જ છે. આપણે નથી જાણતા કે કવી-શ્વર ધનપાળ પહેલાં જૈન સમાજમાં કોઈ ગૃહસ્થ પાકટ જૈન વિદ્વાન હતો કે નહિ? ધનપાળ પછી એટલે અગિયારમા સૈકા પછી જ્યારે જૈન ગૃહસ્થ વર્ગમાં વ્યવસ્થિત અભ્યાસ કરવાની રુચિ પ્રકટી અને પોષાવા લાગી ત્યારે પણ એવા કોઈ પ્રબળ જૈન દાર્શનિક કે તત્ત્વચિંતક થયા નથી કે જેણે કાંઈ વિશેષ કામ કર્યું હોય કે સાહિત્યનિર્માણ કર્યું હોય. જે કોઈ થયા છે તે બહુ તો વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય કે અલંકાર જેવા પ્રાથમિક વિષય પૂરતા જ નિષ્ણાત હતા, પણ જમાનો આગળ વધી ચૂક્યો હતો. જરૂરિયાતો વ્યાપક બની હતી. એવે ટાણે સમગ્ર વિષયોમાં પારગામી ગૃહસ્થ વિદ્વાનો તૈયાર કરવાની પ્રબળ વૃત્તિ સૌથી પહેલાં એક માત્ર વિજયધર્મસૂરીશ્વરમાં જન્મી અને તે એટલે સુધી કે તેમણે પોતે જ એ તંત્રમાં પરોવાવાનું પસંદ કર્યું. બેશક બીજા પણ કેટલાક વિશેષ મુનિઓએ આ દિશામાં અ-સાધારણ પુરુષાર્થ કર્યો છે અને અદ્યાપિ કરે છે છતાં વિવિધ દર્શનોના અને સાથે જ જૈન દર્શનના ગંભીર ગૃહસ્થ અભ્યાસીને તૈયાર કરવાની પ્રથમ પ્રેરણા, એ તો હું જાણું છું ત્યાં લગી વિજયધર્મસૂરીશ્વરમાં જ

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

પ્રકટેલી. આ તેમનો આદર્શ મને કાશીમાં પ્રેરક બન્યો અને તે જ આદર્શને પોતાની ઢબે વશ થઈ મેં બહુ જ નાના પાયા ઉપર મારી પ્રવૃત્તિનાં મંડાણ માંડયાં. મારે ઉમેરવું જોઈએ કે શ્વેતાંબર કોન્ફરન્સ અને કેટલાક અંગત મિત્રો હું ધારું તે કરતાં પણ મારા કાર્યપક્ષે વધારે અનુકૂળ હતા અને છે, તેમ છતાં મેં વિશાળ આદર્શ સામે રાખીને પણ નાના પાયે પ્રવૃત્તિ કેમ શરૂ કરી, એનો જવાબ મારી મર્યાદાઓમાં છે. અત્યારે તો હું આ લેખ-દ્વારા પ્રથમના બે લેખની પુરવણીરૂપે એટલું જ સૂચવવા માગું છું કે જો મારા કાશીના વસવાટનું કે અલ્પ–સ્વલ્પ પ્રવૃત્તિનું મૂળ કારણ હોય તો તે ઉપર સૂચવેલ આદર્શ જ છે.

—જૈન, ૧૦ જાન્યુઆરી, ૧૯૩૩.